# મોજમજાહ

વર્ષ ૧૦ મું | ચૈત્ર શુદ ૭ | તા. ૨-૪-૩૩ | અંક ૧ લો

વાર્ષિક લવાજમ રૂ. ૪-૦-૦ | પરદેશ ૧૦ શીલીંગ

આ અઠવાડીકમાં પ્રસિદ્ધ થતી વાર્તાનાં પાત્રો કલ્પિતજ હોય છે.
કોઇ જીવંત વ્યક્તિ ઉપરથી ઉપજાવી કાઢેલાં નથી.

અ. મો. મ.

## લાકડાની તલવારે

ખોટ ધનની'ને મદદની આશ નહીં સરકારથી,
સંસ્કૃતિ જૂનાં એ ભારત તોય તારા મહારથી;
સાધન વિના પણ માત્ર તારા રક્તના સંસ્કારથી
ટોકી યુદ્ધ ખેલી રહ્યા છે કાષ્ટની તલવારથી.

× × ×

પૂરવ તને પ્રણામ, પશ્ચિમ પૂરવ થાય નહિ;
ક્યાં ઉગવાનાં ઠામ, ક્યાં આથમવાની દિશા.

દિવાનો

# સ્ત્રીઓના માનસ વિષે ઘોર અજ્ઞાનતા

લેખિકા : **શ્રીમતિ શૈલાદેવી કુમુદ**

હિન્દી ચિત્રપટો જોતાં એક વાત મને બહુ ખુંચે છે. ડીરેકટરો સ્ત્રી-જાતિને ખરા સ્વરૂપમાં ખડી કરી શકતા નથી. તેઓ બિચારા સ્ત્રીત્વને પૂર્ણ રીતે રજૂ કરવા પ્રયત્ન કરે છે, પણ તેમાં નિષ્ફળજ નિવડે છે. ઘણી ખરી પ્રેમ-કથાઓમાં તેમજ પૌરાણીક કથાઓમાં સંવાદ લેખક સ્ત્રીના મુખમાં જે શબ્દો મુકે છે, તે ચોખ્ખુ બતાવી આપે છે કે એ સ્ત્રી પુરૂષોની ઇચ્છાઓ-વાસનાઓને જ મૂર્ત સ્વરૂપ આપી રહી છે. સ્ત્રીઓમાં સ્ત્રીત્વ નથી દેખાતું. કોઇ પુરૂષ તેઓના મુખ વાટે બોલતો હોય એમ સમજાય છે. હા, પડદાપરની સ્ત્રી સ્ત્રી જેવી દેખાય છે એમાં શંકા નથી. પરંતુ ખરી સ્ત્રી કેવી હોવી જોઇએતે બતાવી શકતી નથી. ખરૂં કહું તો તે માટે તેને રજુ કરવામાં જ આવતી નથી!

આમ કેમ હશે? એક નટી...સ્વજાતિનું સ્પષ્ટ પ્રતિબિંબ આપતાં નિષ્ફળ કેમ બનતી હશે? આમાં કોનો દોષ?-એ નટીનો?...ના હું નથી ધારતી. સર્વ દોષ સંવાદ-લેખક પર ઢોળવો જોઇએ. સ્ત્રીના મુખમાં તે જે કૃત્રિમ અને સ્ત્રી-સ્વભાવને સદંતર અયોગ્ય શબ્દો મુકે છે તે કોઇ લજ્જાહીન વેશ્યા ય ન ઉચ્ચારે તેવા હોય છે.

ડીરેકટરને પણ દોષમાંથી મુક્ત રાખવા ન જોઇએ. કેટલીક વખત સંવાદ જાણે ઠીક હોય છે, પણ ભાવ-દર્શન? તેના વિષે શું કહેવું એજ મને સમજાતું નથી. જે ભાવ મુખ પર ખેલી રહેવો જોઇએ તેનો સદંતર અભાવ જ હોય છે.

સ્ત્રી-જાતિને તેના નગ્ન સ્વરૂપમાં યોગ્ય રીતે મુકવામાં ડીરેકટરોને નિષ્ફળતા શાથી વરે છે તે હું સારી રીતે જાણુ છું. ડીરેકટરો અને સંવાદ લેખકો પુરૂષો છે. તેમનામાં કવિ યા લેખકની તીવ્ર દૃષ્ટિનો અભાવ હોય છે. સ્ત્રી-હૃદય પારખવાની તેમનામાં શક્તિ જ હોતી નથી. વળી તેઓમાંના ઘણા ખરા જુવાન અને અનુભવ વિનાના હોય છે એટલે સ્ત્રી-પાત્રમાં પુરૂષની પશુતાનું પ્રતિબિંબ સહજ પડી જાય છે.

'ભર્તૃહરી' આનું દૃષ્ટાંત ન કેહવાય? 'હીર રાંઝા' મારા કથનની સાક્ષી નથી આપતું? આ શિવાય બીજાંય દૃષ્ટાંત આપણને મળી આવશે, પણ અત્યારના ચિત્રપટો તરીકે ઉદાહરણ માટે તે બસ છે.

પીંગલા-ભર્તૃહરીની રાણી છે અને તે ય વળી આર્ય-ભૂમિ જ્યારે સંસ્કૃતિના ઉજ્જવલ શિખરે વિરાજતી હતી તે કાળની! તે ભલે ગમે તેટલી વ્યભિચારીણી, વિશ્વાસઘાતિની હોય તો પણ તેના મુખમાં હલકા શબ્દો કદિ ન સંભવે:

**"મહારાજાએ મને આ ફળ આપ્યું છે કે જેથી હું અમર રહું ને અહોદિન તેની વાસનાઓ પોષું. શા માટે? મને સંતોષનાર પુરૂષને જ આપી દઉં તો?"**

આવા શબ્દો કઇ કક્ષામાં મૂકવા જોઇએ તે હૃદય ધરાવનાર માણસોએ કલ્પી લેવું જ યોગ્ય છે. સ્ત્રી જાતિને આ અપમાનસમું છે. રાણી પિંગલા ભલે અધમમાં અધમ સ્ત્રી હોય તો યે આવા શબ્દો બોલે? આ શબ્દો સ્ત્રી હૃદય ચિતરી શકતા નથી પણ ઉલટા ચિત્રપટ બનાવનારનું જ માનસ રજુ કરે છે. ખરેખર! આખીય ફિલ્મ પુરૂષોના નીચ-વૃત્તિભર્યા વાતાવરણથીજ વિભૂષિત થઇ છે. આપણા હિંદની સ્ત્રીઓ ફિલ્મ જોતી જ નથી. ફક્ત કોઇ પૌરાણિક ફિલ્મો આવે ત્યારે જ તેઓ ઉલટથી જોવા દોડી જાય છે-તે શું પોતાની જાતને આવા સ્વરૂપમાં નિહાળવા?

હીર રાંઝામાં આપણે શું જોઇએ છીએ? નિર્દોષ ગ્રામ્ય કન્યા હીર પ્રથમ મિલને જ રાંઝાને કહે છે:-"**રાંઝા મારો તરસ્યો જીવ જે ચીજ માંગે છે તે તારામાં મને દેખાય છે.**" એક ગામડીયણ નમ્રતાને આટલી ઝડપથી દુર ખસેડી દે? સંભવિત છે? ને આટલેથીય ન અટકતાં શરમહીન સ્ત્રીની જેમ એ ભાવહીન વદને એની અડોઅડ જઇ બેસે છે. આવા અર્થહીન શબ્દો મુકવાનું કારણ શું હશે? જે સ્ત્રી પ્રેમમાં મ્હાલી ન હોય-પ્રથમ જ પગલાં માંડતી હોય, એ આવા શબ્દો—વદન પર કંઇ રતાશને શરમના શેરડા વિના-કહે? કોઇ પુરૂષ જ તેના અંગમાં વસ્યો હોય એમ નથી લાગતું?—અને તે ય પુરૂષ—જેવો તેવો નહિ પણ જુલ્મગાર જ! એજ આવા શબ્દો ઉચ્ચારે. તમને લાગે છે હીર-એક આર્ય રમણી-આવું ઉચ્ચારે? દેવી તરિકે પૂજાતી આર્ય રમણી આવી કલ્પના ય કેમ કરી શકે?

વાત બહુ લંબાઇ છે, પણ હું માત્ર એટલું કેહવા માગું છું કે ચિત્રપટ-સર્જકો હવેથી સ્ત્રીઓને આવી રીતે કલંકીત કરતાં અટકે. હું એટલું પણ કહું છું કે ચાલુ જમાનાના વિચાર સ્વાંતન્ત્ર્યના દિવસોમાં ઉછરેલી કોઇ તરૂણી ય હીરના મુખમાં શોભતા (!) શબ્દો એકી શ્વાસે નહિ ઉચ્ચારી શકે!

કદાચ ડીરેકટર બચાવમાં એમ કહે હીર અને રાંઝન અસામાન્ય પ્રેમીઓ હતાં. તેમનો પ્રથમ દૃષ્ટિએ ઉદ્‌ભવેલ પ્રેમ, ઉન્માદી પ્રેમ હતો ! કબૂલ ! પણ એવા ય પ્રેમમાં નરી નિર્લજ્જતાનો અંશ ન હોવો જોઇએ ! શેકસ્પિયર જેવા સમર્થ માનસશાસ્ત્રીએ પણ આ પ્રકારના પ્રેમને આવી અનનુસરણીય સ્થિતિમાં બતાવ્યો નથી. પ્રેમ ઉદ્‌ભવશે એટલે લજ્જાને ઠેલી મુકવી ? ભયંકર ! તદ્દન અસંભવીત !

પ્રસ્તુત લેખ આવા પ્રકાર સામે વાંધો ઉઠાવવા માટેજ છે. વાંધો ન ઉઠાવીશું ત્યાં સુધી એ સર્જકો અમોને ખોટા સ્વરૂપમાં રજુ કરતાંજ રહેશે. આ સાથે વાંચકને મારે એક બીજી વાત પણ જણાવવી જોઇએ—અસ્થાને મુકાતાં ચુંબનો. પ્રિયતમ ને પ્રિયતમા આવે છે ને તરતજ જાણે કોઇના હુકમનો અમલ કરતાં હોય તેમ વા જાણે કોઇ ભારથી મુક્ત થવા માંગતા હોય તેમ ચુંબનની આપ-લે કરવા મંડી પડે છે ! આવા અર્થહીન 'એકશન' ન મુકવાં જ સારૂં છે.

ચુંબનો તો હૃદયોર્મિના ઉછાળાથી જ પરિણમે અને નહિ કે કોઇ યંત્રમાંથી ! હું અહિં સર્વ ડીરેકટરોને દોષિત ગણતી નથી. અનેક કુશલ ડીરેકટરો છે જેઓ આવાં દૃશ્યો પર ચિત્રપટની સફળતાની મદાર બાંધતા નથી. તેઓ તો સુંદર સંવાદ અને દિલહર કથાનક પર બહુ કાળજી રાખે છે. 'નેક અબલા' 'સુબહ કા સિતારા' આ તેનાં દૃષ્ટાંતો કહી શકાય. છેલ્લે આશા બાંધુ છું કે ડીરેકટરો બુદ્ધિ ને માનસશાસ્ત્રનો ઉપયોગ કરતાં શીખે.



શ્રીમતી દુર્ગા ખોટે અને જયરાજ 'પતિત પાવન'માં

# શું કરૂં ?

સંધ્યા ખીલી સંસારની,
પણ જીંદગી ખીલી નહિ,
એ સંધિકાના રૂપને,
જીવન વિના હું શું કરૂં ?

(૨)

સરવર ભર્યાં સલીલો થકી,
ફુવાર રસના ઉછળે,
પણ ચાતકી તલસી રહે તો,
સરવર મીઠાંને શું કરૂં ?

(૩)

કુસુમો સુહાવે કુંજને,
રસ રમ્યતા ખીલી રહી.
પણ કોકિલા ટહુકી નહિ તો,
કુંજને હું શું કરૂં ?

(૪)

જીવન તણી ફુલવાડીમાં,
વસંતઋતુ આવતી,
પણ અંતર ઉર્મિ ઉછળ્યાં નહિ તો,
વસંતને હું શું કરૂં ?

(૫)

હિમઅંશુ વેરતો કો,
વિશ્વ સુંદરતા પરે,
પણ હૃદયજ્વાલા ના શમી તો,
હિમકર સુધાને શું કરૂં ?

(૬)

કલ્પનાનાં બહોળુ ઉછળે,
શબ્દ સંગીત તાનમાં,
(પણ) જડતા ન ભેદે જીવનની,
એ કવિતાને શું કરૂં ?

પોરબંદર મૃદુલ



કુ. પદ્મા (જયંત ટોકી) “અંધેરે દરક” માં



કુ. શ્યામા ઝુત્સી.

પંજાબનાં એક કેળવાયેલાં બાનુ, જેઓ અત્રેની અજંટા સીનેટોનમાં જોડાયાં છે.





Miss Muktar Begum. મુખ્તાર બેગમ.



Miss Kajjan. કુમારી કજ્જન.



કુ. ગૌહર　　મિસ ૧૯૩૩　　( રણજીત )



કુ. સુરતરી "દોરંગી દુનિયા" માં (ઇમ્પીરીયલ)



મિસ ગૌહર કર્ણાટકી          રંભા રાણી માં          શ્રી શારદા મુવીટોન



કુ. જેબુન્નિસા 'નક્ષે-સુલેમાની' માં (સરોજ)



કુ. પન્ના 'દીલરૂબા ડાકુ' માં વાડીઆ બ્રધર્સ પ્રોડક્શન